**કલેકટર**

**અને**

**જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી**

જિલ્લા સેવા સદન આહવા જિ.ડાંગ

સત્યમેવ જયતે

ફોન નં:-૦૨૬૩૧-૨૨૦૨૦૧
ફેકસ નં:-૦૨૬૩૧-૨૨૦૨૯૪
ઈ-મેઈલ:-collector-dan@gujarat.gov.in
website: https://dangs.gujarat.gov.in
website : https://dangs.nic.in


ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯/જાહેરનામુ/વશી. ૬૩૦૪ થી ૬૩૩૫/૨૦૨૧ તા.૦૫/૦૪/૨૦૨૧

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ નો બીજો અધિનિયમ)ની કલમ - ૧૪૪ ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૪ અન્વયે જાહેરનામું**

વંચાણમાં લીધું :

(૧) ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયના તા.૨૭.૦૧.૨૦૨૧ અને તા.૨૩.૦૩.૨૦૨૧ના હુકમ નં.૪૦-૩/૨૦૨૦/ DM-I(A)

(૨) ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૪.૦૬.૨૦૨૦ના હુકમ ક્રમાંક:Z28015/19/ 2020-EMR(PT)

(૩) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦.૦૧.૨૦૨૧ તથા તા.૩૦.૦૩.૨૦૨૧ ના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨(પા.ફા.)

(૪) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯/જાહેરનામું/ વશી- ૩૪૨ થી ૩૭૨/૨૦૨૧ તા.૩૧/૦૧/૨૦૨૧ તથા જાહેરનામા ક્રમાંક:ફજદ/કોવિડ-૧૯/જાહેરનામું/ વશી- ૯૬૮ થી ૯૯૬/૨૦૨૧ તા.૦૪/૦૩/૨૦૨૧

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) કલમ-૧૪૪.

(૬) ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન્સ,૨૦૨૦

(૭) ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ ૨૦૦૫

(૮) ધી એપિડેમિક ડિસિઝ એક્ટ ૧૮૯૭

**// જાહેરનામું //**

નોવેલ કોરોના વાઈરસ COVID-19ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાં નોવેલ કોરોના વાઈરસ COVID-19ની અસરોને નિયંત્રિત કરવાના હેતુથી, The Disaster Management Act,2005 થી મળેલ સત્તા અન્વયે ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના તા.૨૭.૦૧.૨૦૨૧ના હુકમ તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦.૦૧.૨૦૨૧ના હુકમ સહિતના વિવિધ જાહેરનામાઓ દ્વારા સમયાંતરે Surveillance, Containment અને COVID-19ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે.

છેલ્લા થોડાંક માસથી સમગ્ર દેશમાં કોવિડ-૧૯ના એકિટવ કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયેલ છે. તેમ છતાં COVID-19 ના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણપણે નાબૂદ કરવા સાવચેતી તથા નિયત કન્ટેઈનમેન્ટ સ્ટ્રેટેજીનું પાલન કરવુ આવશ્યક જણાતા, Surveillance, Containment અને COVID-19ના સંક્રમણને રોકવા અંગેની માર્ગદર્શિકાના ચુસ્તપણે અમલીકરણ માટે National Disaster Management Authority ના નિર્દેશો મુજબ ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયે વંચાણ-૧ના તા.૨૩.૦૩.૨૦૨૧ના હુકમથી તેમજ ગુજરાત

સરકારશ્રીના ગૃહ વિભાગે વંચાણ-૩ના તા.૩૦.૦૩.૨૦૨૧ના હુકમથી અમલમાં મુકવામાં આવેલ માર્ગદર્શિકાની સમયમર્યાદા તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે.

તદનુસાર વંચાણ-૩ની વિગતે વંચાણ-(૪) થી ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) અને નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાંની સમયમર્યાદા તા.૩૧/૩/૨૦૨૧ ના રોજ પૂર્ણ થયેલ છે. સબબ: વંચાણ(૩)થી મળેલ સુચનાઓ ધ્યાને લઇ, સમગ્ર ડાંગ જિલ્લામાં જાહેર કરવામાં આવેલ **કન્ટેઈનમેન્ટ ઝોનમાં** ભારત સરકારશ્રીના કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની વંચાણ-૨ની માર્ગદર્શિકા તેમજ ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની વખતોવખતની માર્ગદર્શિકાની સમયમર્યાદા તા.૦૧.૦૪.૨૦૨૧ના ૦૦.૦૦ કલાકથી તા.૩૦.૦૪.૨૦૨૧ના ૨૪.૦૦ કલાક સુધી લંબાવવામાં આવી છે તથા **કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં** માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા અત્રેની કચેરીના તા.૩૧/૦૧/૨૦૨૧ના વંચાણ-(૪) ના જાહેરનામાથી કરવામાં આવેલ હુકમોની અવધિ તા.૦૧/૦૪/૨૦૨૧ના ૦૦-૦૦કલાક થી તા.૩૦/૦૪/૨૦૨૧ના ૨૪-૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે. અત્રેની કચેરીના તા.૩૧/૦૧/૨૦૨૦ના જાહેરનામાની અન્ય તમામ જોગવાઇઓ યથાવત રાખવામાં આવે છે.

ભારત સરકારશ્રીના કેન્દ્રિય ગૃહ મંત્રાલયના વંચાણ-૧ના તા.૨૭.૦૧.૨૦૨૧ના હુકમ અનુસાર તથા ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના વંચાણ-૩ના તા.૩૦.૦૧.૨૦૨૧ના હુકમ મુજબ COVID appropriate behaviour, Surveillance and Containment તેમજ નિયત SOPનું ચુસ્તપણે પાલન અંગે નિયત કરવામાં આવેલ માર્ગદર્શિકાનો ચુસ્તપણે પાલન કરવાનું રહે છે.

**કન્ટેઈનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregation/large gathering સંદર્ભે ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૩૦.૦૧.૨૦૨૧ના હુકમના પારા-૩(૩)માં દર્શાવેલ સૂચનાઓ પૈકીની અમુક અગત્યની માર્ગદર્શિકાઓ નીચે મુજબ છે:**

(૧) લગ્ન/સત્કાર જેવા પ્રસંગો સંબંધમાં ખુલ્લા સ્થળો/બંધ સ્થળોએ, સ્થળની ક્ષમતાના ૫૦% થી વધુ નહી પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં જ સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે. આ અંગે ડિજીટલ ગુજરાત પોર્ટલ (www.digitalgujarat.gov.in) પર Online Registration for Organizing Marriage Function નામના software પર Online અરજી કરવાની રહેશે.

(૨) મૃત્યુ બાદની અંતિમ ક્રિયા /ધાર્મિક વિધિમાં મહત્તમ ૫૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

(૩) હોલ, હોટેલ,બેંક્વેટ હોલ, રેસ્ટોરંટ,ઓડિટોરિયમ,કમ્યુનિટી હોલ,ટાઉન હોલ,જ્ઞાતિની વાડી વિગેરે બંધ સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregation/large gathering નું સ્થળની ક્ષમતાના ૫૦%ની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

(૪) જ્યારે પાર્ટી પ્લોટ,ખુલ્લા મેદાનો,સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા other congregationનું જ્યારે આયોજન કરવામાં આવે ત્યારે ગુજરાત સરકારશ્રીના તા.૩૦.૦૧.૨૦૨૧ના વંચાણ-૩ના હુકમના પારા-૩(૩)(બી)માં દર્શાવેલ બાબતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૫) ધાર્મિક સ્થળો,હોટેલ અને રેસ્ટોરન્ટ,આતિથ્ય એકમો,શોપિંગ મોલ,કચેરીઓ સંદર્ભમાં ભારત સરકારશ્રીના કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪.૦૬.૨૦૨૦ના હુકમથી બહાર પાડવામાં આવેલ SOP તથા ધાર્મિક સ્થળો બાબતે ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૭.૦૬.૨૦૨૦ ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP નું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**// જાહેર વિજ્ઞપ્તિ //**

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોઈ આથી એકતરફી હુકમ કરું છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ કરાવી તથા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેક્ટર, પોલીસ ઈન્સપેક્ટર, મદદનીશ પોલીસ અધિક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી રીતે જાહેરાતની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ આ જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

જિલ્લા મેજીસ્ટ્રેટ ડાંગ આહવા

(એન.કે.ડામોર)
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,

સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,

વડોદરા

૨/- જાણ તથા ગુજરાત સરકારના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલી આપવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :-</u>

(૧) માન. અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગર તરફ.

(૨) માન. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ.

(૩) માન. અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ

(૪) માન. પોલીસ મહાનિર્દેશકશ્રી, અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર તરફ.

<u>નકલ જયભારત સહ રવાના :-</u>

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ તરફ.... જરૂરી કાર્યવાહી થવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ.

(૨) પ્રાંત અધિકારી અને સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી,આહવા જી.ડાંગ

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા

(૪) ચીફ ઓફીસરશ્રી,નોટીફાઇડ એરીયા કચેરી,સાપુતારા જી.ડાંગ.

(૫) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૬) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી,આહવા જી.ડાંગ.

(૭) તાલુકા વિકાસ અધિકારીશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ.

(૮) સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ

(૯) પોલીસ સબ ઈન્સપેકટરશ્રી,પોલીસ સ્ટેશન,આહવા/વઘઇ/સુબીર/સાપુતારા જી.ડાંગ.

૨/- જાહેરનામાની અમલવારી કરવા તથા કચેરીના નોટીસ બોર્ડ તથા જાહેર જગ્યાઓએ બહોળી પ્રસિધ્ધિ કરી રીપોર્ટ કરવા સારૂ. (અ.નં. ૧ થી ૯)

(૧૦) રજીસ્ટ્રારશ્રી, માન. પ્રિન્સિપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી, આહવા/વઘઇ/સુબીર જી.ડાંગ તરફ... જાણ સારૂ.

(૧૨) સહાયક માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, ડાંગ તરફ.

૨/-જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રોમાં આઈટમ ઓફ ન્યુઝ તરીકે વિના મૂલ્યે પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૩) અધિક જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડાંગ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.

(૧૪) સિવિલ સર્જનશ્રી, જનરલ હોસ્પિટલ,આહવા જી.ડાંગ

(૧૫) અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.